# આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે વિશ્વ વ્યાપાર સંગઠન (WTO)ના પરિપ્રેક્ષ્યમાં આદર્શ પશુપાલન વ્યવસાય અંગે એક-દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો

ખેતી સાથે પશુપાલન એક પૂરક વ્યવસાય તરીકે સ્વીકારી પોતાના નાના-નાના ટુકડાઓમાં વહેચાયેલ જમીનમાંથી ઉત્પાદિત અનાજ તથા ઘાસચારા દ્વારા લગભગ ૬૦ થી ૭૦ ટકા ગ્રામ્ય કુટુંબો પોતાનું જીવન ગુજારે છે. તેમાંથી પંચમહાલ જેવા ટ્રાયબલ એરીયામાં પથરાળ જમીન, વરસાદ આધારિત ખેતીના કારણે લોકો ગુજરાન ચલાવવા સ્થળાંતર થઈ ખેડા, આણંદ જીલ્લામાં આવી જતા હોય છે. તેના બદલે ખેતી સાથેના પશુપાલનના વ્યવસાયને વૈજ્ઞાનિક ઢબે અપનાવી ટ્રાયબલ વિસ્તારની બહેનો પણ પુરુષો સાથે કુટુંબને સહાયક બનાવવામાં મદદરૂપ બને તે સમયની માંગ છે. તેથી કૃષિ અર્થશાસ્ત્ર વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય ખાતે તા.૨૭/૦૮/૨૦૧૯ મંગળવારના રોજ વિશ્વ વ્યાપાર સંગઠન (WTO)ના પરિપ્રેક્ષ્યમાં આદર્શ પશુપાલન વ્યવસાય અંગે ગામ અભેટવા તા. હાલોલની પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલ બહેનો માટે એક દિવસીય તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

તાલીમ કાર્યક્રમના ઉદઘાટક ડૉ. કે. એસ. જાદવ દ્વારા પશુપાલન તાલીમની ઉપયોગીતા વિષેની માહિતી આપી તથા WTO સેલ અંતર્ગત યોજવામાં આવતા વિવિધ તાલીમ કાર્યક્રમ અંગેની જાણકારી સાથે વિભાગની અન્ય પ્રવૃત્તિઓનું વર્ણન કર્યું.

પ્રાસંગીક ઉદબોધનમાં ડૉ. આર. એમ. રાજપુરા, મદદનીશ પ્રાધ્યાપક દ્વારા તાલીમનું મહત્વ અને તેના દ્વારા થતા ફાયદાઓની જાણકારી આપી.

તાલીમમાં વેટરનરી કોલેજના વિવિધ વિભાગોના તજજ્ઞો દ્વારા વિભિન્ન વિષયો ઉપર વ્યાખ્યાન આપવામાં આવ્યા. જેમાં ડૉ. આર. એમ. રાજપુરા દ્વારા ગુજરાતની ગાય-ભેંસોની ઓલાદો, શારીરિક અને આર્થિક લક્ષણો, ડૉ. વાય.જી.પટેલ દ્વારા નફાકારક પશુપાલન વ્યવસાયની ચાવીઓ ડૉ. ડી. સી. પટેલ દ્વારા વિવિધ સંવર્ગની ગાય-ભેંસો માટે આહાર અને પશુપોષણ વ્યવસ્થા, ડૉ. બી. આર. દેવલિયા દ્વારા ગાય ભેંસમાં ઋતુચક્ર-વેતરકાળ-બીજદાન અને ગર્ભાધાન અંગેની સમજ આપી. તેમજ ડૉ. એ. એસ. શેખ દ્વારા સાથોસાથ દૂધ ઉત્પાદનનું અર્થકરણ તથા બજાર વ્યવસ્થા વિષય ઉપર પોતાના મંતવ્યો પણ રજૂ કર્યા. થીયરી સાથે પ્રેક્ટીકલ જ્ઞાન મળી રહે તે હેતુથી પશુ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., આણંદની મુલાકાત લીધી. તેમાં મીલ્કિંગ મશીન નિદર્શન કરાવવામાં આવ્યુ. અંતે તાલીમ કો-ઓર્ડિનેટર શ્રી જિગ્નેશ મેકવાન દ્વારા સર્વેનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો.


એક દિવસીય તાલીમ કાર્યક્રમ
વિશ્વ વ્યાપાર સંગઠન (WTO)ના પરિપ્રેક્ષ્યમાં
આદર્શ પશુપાલન વ્યવસાય
આયોજક
WTO Cell









*****